## આંક–૧ તળે હુકમઃ–

માન. ચેરમેનશ્રી, જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, બોટાદના માર્ગદર્શન હેઠળ આજરોજ સ્પેશ્યલ મેજીસ્ટ્રીયલ સીટીગનું આયોજન કરવામાં આવેલ છે જેમાં આ કેસ હાથ ઉપર લેવામાં આવેલ છે.

(૧) સાંભળ્યા, કેસ પેપર્સ ધ્યાને લીધાં, તપાસ કરનાર અમલદાર ધ્વારા તપાસના અંતે આરોપી વિરૂધ્ધ **ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ – ૬૬(૧)બી** મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) હાલના કામે આક્ષેપિત ગુન્હો ધ્યાને લેતા ધી ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯ ૪૯ (ન્યુ) કલમ – ૬૬(૧)બી ની જોગવાઈ જોવામાં આવે તો તેમાં પણ પ્રથમ ગુના માટે છ મહીના સુધીની કેદની સજા અને રૂ.૧૦૦૦/– ની દંડની જોગવાઈ છે તેમજ બીજા અને ત્રીજા ગુના માટે સજાની જોગવાઈ ધ્યાને લેતા બે વર્ષ સુધીની કેદની જોગવાઈ છે. પ્રોહીબીશન એકટમાં સને–૨૦૧૬ માં સુધારો કરવામાં આવ્યો ત્યારે પ્રોહીબીશન એકટની કલમ– ૧૧૮ રદૃ કરવામાં આવેલ છે. રદૃ થયેલી કલમ –૧૧૮ માં એવી જોગવાઈ હતી કે "પોલીસ અધિકારના ગુનાઓને લગતી ફોજદારી કાર્યરીતી અધિનીયમની કાર્યરીતી લાગુ પાડવા બાબત" આમ, જુના પ્રોહીબીશન એકટમાં કલમ – ૧૧૮ મુજબ આ કાયદા અન્વયેના ગુનાઓ પોલીસ અધિકારના એટલે કે કોગ્નીઝેબલ ગુના હતા.આ કલમ – ૧૧૮ રદૃ થવાથીઆ જોગવાઈ નાબુદ થાય છે. જેથી પ્રોહીબીશન એકટ (ન્યુ) માં કલમ – ૬૬(૧) બી ના ગુન્હામાં ઈન્સાફી કાર્યવાહી કેવી રીતે ચલાવવી તે અંગે જોગવાઈ ન હોવાથી સી.આર.પી.સી. કલમ ૨૬ ધ્યાને લેતા સી.આર.પી.સી.ના શીડયુલ–૧ ના બીજા પાર્ટમાં જણાંવેલ જોગવાઈ અત્રેના કેસમાં લાગુ પડશે. શીડયુલ–૧ ના પાર્ટ–૨ માં જણાંવેલ છે કે કોઈપણ ગુન્હો ત્રણ વર્ષથી ઓછી સજાને પાત્ર હોય તો તે નોન–કોગ્નીઝેબલ ગુનો ગણાશે. હાલના કિસ્સામાં આરોપી સામે મહત્તમ છ માસની સજાની જોગવાઈ છે જેથી પ્રોહી બીશન એકટની કલમ – ૬૬(૧)બી નો ગુનો એન.સી.ગુન્હો ગણાય.

સી.આર.પી.સી. કલમ – ૪ મુજબ ભારતના ફોજદારી અધિનિયમ

અને બીજા કાયદા અન્વયેના ગુન્હાઓની ઈન્સાફી કાર્યવાહી બાબતે જણાંવવામાં આવેલ છે અને કલમ–૪(૨) મુજબ બીજા કોઈ કાયદા અન્વયેના તમામ ગુનાઓની પોલીસ તપાસ, તપાસ, ઈન્સાફી કાર્યવાહી અને અન્ય કાર્યવાહી જો બીજા કાયદામાં જોગવાઈ કરવામાં આવેલ હોય તો તે મુજબ અન્યથા સી.આર.પી.સી. ની જોગવાઓ અનુસરવાની રહે છે.

(૩) નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા *તીલકનગર ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ વિરૂધ્ધ આંધ્રપ્રદેશ રાજય ૨૦૧૧(૧૫) એસ.સી.સી. ૫૭૧, કેશવલાલ ઠાકુર વિરૂધ્ધ બિહાર રાજય ૧૯૯૬(૪) ક્રાઈમ્સ (સુપ્રિમ કોર્ટ)* ૧૨૧ તેમજ અન્ય કેસોમાં નામદાર અદાલતોએ એવા સ્પષ્ટ ન્યાયિક અવલોકનો કરેલ છે કે, સી.આર.પી.સી. કલમ –૧૫૫(૨) માં કરવામાં આવેલ જોગવાઈએ ફરજીયાત સ્વરૂપની જોગવાઈ છે આથી આ જોગવાઈનું પાલન કર્યા વગર પોલીસ ગુનાની તપાસ કરી શકે નહી, આમ છતા જો તપાસ કરવામાં આવે તો તો ગેરકાયદેસર ગણાય છે, મેજીસ્ટ્રેટ આવા કેસમાં પોલીસ ચાર્જશીટના આધારે કોગ્નીઝન્સ લઈ શકે નહી. સી.આર.પી.સી. કલમ – ૪૬૧ મુજબની આ એવી ગેરકાયદેસરતાઓ ગણાય છે કે જેનાથી સમગ્ર કાર્યવાહી દુષિત બને છે.

(૪) ધી ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯(ન્યુ) કલમ – ૬૬(૧)બી ની સજાની જોગવાઈ સાથે સી.આર.પી.સી. શેડયુઅલ –૧ ના ભાગ – ૨ ના ક્રમાંક નંબર– ૩ માં કરવામાં આવેલ જોગવાઈ ધ્યાને લેતા આ ગુન્હો સ્પષ્ટપણે નોન કોગ્નીઝેબલ ગુનો છે. નોન કોગ્નીઝેબલ ગુના બાબતે સી.આર.પી.સી. કલમ – ૧૫૫(૨) માં કરવામાં આવેલ જોગવાઈઓ મુજબ યોગ્ય પરવાનગી લીધા વગર જો તપાસ કરવામાં આવે તો આવી તપાસ ગેરકાયદેસર ગણાય છે, મેજીસ્ટ્રેટ આવા ગુના સબબ પોલીસ શરૂઆતથી જ જાણે કોગ્નીઝેબલ ગુનાની જેમ જ સી.આર.પી.સી. કલમ – ૧૫૪ અન્વયે એફ.આઈ.આર. દાખલ કરી, કોગ્નીઝેબલ ગુનાની જ તપાસ કરી, તપાસના અંતે અદાલતમાં ચાર્જશીટ રજુ કરેલ છે. આથી આવા ચાર્જશીટને ફરીયાદ સી.આર.પી.સી. કલમ – ૨(ડી) તરીકે ટ્રીટ કરી શકાય નહી.

ઉપરોકત દશાવેલ હકીકતને હાલનો આક્ષેપ જયારે કાયદાકીય સેટલ પરિસ્થીતી ધ્યાને નોન કોગ્નીઝેબલ ગુનો છે. સી.આર.પી.સી. કલમ – ૧૫૫(૨) ની જોગવાઈ ફરજીયાત સ્વરૂપની જોગવાઈ હોવાથી તેનું પાલન કયા વગર પોલીસ ગુનાની તપાસ કરી શકે નહી. આમ છતા જો તપાસ કરવામાં આવે તો તે ગેરકાયદેસર છે, મેજીસ્ટ્રેટ આવા કેસમાં પોલીસ ચાજશીટના આધારે કોગ્નીઝન્સ લઈ શકે નહી. આમ છતા જો ગુનાનુ કોગ્નીઝન્સ લેવામાં આવે તો તે સી.આર.પી.સી.ની કલમ – ૪૬૧ મુજબની એવી ગેરકાયદેસરતાઓ ગણાય છે કે જેનાથી સમગ્ર કાયવાહી દુષિત બને છે. આવા ગુનાનું કોગ્નીઝન્સ લઈ પ્રોસેસ ઈશ્યુ કરવામાં આવે તો તે એબ્યુસ ઓફ પ્રોસેસ ગણાય, હકુમત વિહીન કાયવાહી બને અને આવી કાયવાહી શરૂઆતથી જ નીરર્થક **(void abinitio)** ગણાય છે. આવી નીરર્થક કાયવાહી પાછળ અદાલતનો સમય વ્યતિત કરવો ન્યાયિક રીતે પણ યથાયોગ્ય ગણી શકાય નહી. આમ, આ તમામ કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લઈ કેસની કાયવાહી સી.આર.પી.સી. કલમ – ૨૫૮ મુજબ બંધ કરી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– :: હુ ક મ :: –**

**(૧)** આરોપી વિરુઘ્ઘ ઘી ગુજરાત પ્રોહીબીશન એકટ–૧૯૪૯ (ન્યુ) કલમ – ૬૬(૧)બી મુજબના ગુન્હાની કાર્યવાહી સી.આર.પી.સી કલમ –૨૫૮ અન્વયે બંધ કરી આરોપીને છોડી મુકવાનો આદેશ કરવામાં આવે છે.

હુકમ આજરોજ યોજવામાં આવેલ સ્પેશીયલ મેજીસ્ટ્રીયલ સીટીગ મા તારીખ–૦૯ મી માહે–માર્ચ સને– ૨૦૨૪ ના રોજ જાહેર કરવામાં આવેલ છે.

**(અરૂણ જયોતિષ વાસુ)**
એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
ગઢડા, કોડ નં. જીજે–૦૧૩૯૭

તારીખઃ–૦૯/૦૩/૨૦૨૪
સ્થળ :–ગઢડા.